
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH



સમેતશિખર તીર્થનું મુખ્ય જિનાલય

પુસ્તક ૫૫
અંક ૫

પ્રકાશકઃ-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર

ફાગણ
સં. ૨૦૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ સભાના માનનીય પ્રમુખ
સ્વ. શેઠ ગુલાબચંદ આણંદજી કાપડિયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ ૫૫ મું ] સં. ૨૦૧૪ ફાગણ [ અંક ૫

अनुकूले विधौ देयं यतः पूरयिता हरिः ।
प्रतिकूले विधौ देयं यतः सर्वं हरिष्यति ॥

અનુકૂળ વિધિ ? આપો, પ્રભુ રહેશે દઈ બધું;
પ્રતિકૂળ વિધિ ? આપો, કાં તે લેશે સહુ બધું.

દાન તો શ્રીમંત જ કરે, બીજાનું તે ગજું નહિ એવી માન્યતાને સુભાષિતકારે અહિં યુક્ત દલીલથી નિરર્થક બનાવી છે. દૈવ જેને અનુકૂળ હોય, નસીબ જેને યારી આપતું હોય એવાએ તો આપવું જ જોઈએ, કેમકે તે ગમે તેટલું આપશે તો પણ પ્રભુ કે પ્રારબ્ધ તેને આપી જ રહેવાનો છે. અને વિધિ જેને વિપરીત બની બેઠો હોય તેણે પણ આપવું જ ઇષ્ટ છે. કેમકે વહેલી કે મોડી જે સંપત્તિ હરાવવાની છે તેને તો સદ્હેતુએ વાપરીને એટલું પુણ્યભાથું બાંધવામાં જ ખરું ડહાપણ છે.

ઉદારતા એ હૃદયને ઉન્નત બનાવનારો ગુણ છે અને દાન એ કાંઈ મોટી રકમનું કે જરઝવેરાતનું જ હોય એવું નથી. દાળમાં પાણી કરીને કાઢીશું કહતા ડોશીમા ભાવભર્યા ચિત્તે પોતાની ગાંઠડીમાંથી પૈસો કાઢી કોઈ અપંગને આપે તે પાંચસો રૂપિયાનું દાન કરનાર કોઈ ધનિકનાં દાન કરતાં પ્રમાણ અને ભાવનાની દૃષ્ટિએ વધુ મોટું અને ઉમદા છે. સ્વાર્થ કે સંકુચિતતાથી નહિ, પણ નિઃસ્વાર્થતા અને ઉદારતાથી જ મનુષ્ય પોતે સુખી થઈ શકે છે અને અન્યને સુખી કરી શકે છે.

'કુમાર' માસિકમાંથી

For Private And Personal Use Only

# "નહિ મળે નર દેહ ફરી ફરી"

દ્રુતવિલંબિત

શિશુપણું રમતે ગમતે ગયું, નં નિજનું શુભ શ્રેય કશું થયું;
તરુણતા વળી છે બહુ આકરી, નહિ મળે નર દેહ ફરી ફરી.

મદન તે સમયે તુજને દમે, મન સદા પરદાર વિશે રમે;
વિનય જ્ઞ છ બધો જન વિસરી, નહિ મળે નર દેહ ફરી ફરી.

ધન ધરા પરના હરવા ગમે, વિષયભોગતણા સુખમાં રમે;
સુખદ શાંતિ કરી પર તેં મહી, નહિ મળે નર દેહ ફરી ફરી.

ઘડપણે તન જીર્ણ બધું થયું, સકલ ઈન્દ્રિયનું બળ તો ગયું;
તદપિ આશ ન જીર્ણ જરા કરી, નહિ મળે નર દેહ ફરી ફરી.

મરણ ત્યાં તુજને ઝડપી ગયું, અરર આમ વૃથા તન આ ગયું;
પ્રણયથી ન ભજ્યા યદિ તેં પ્રભુ, નહિ મળે નર દેહ ફરી ફરી.

કર થકી કરને શુભ કામને, નિશદિને રટને વીતરાગને;
કર વિચાર અરે જન તું જરી, નહિ મળે નર દેહ ફરી ફરી.

વચન સત્ય સદા વદ તું મુખે, ન કર હર્ષ કદી પરને દુઃખે;
સુખ લહે પરનું શુભ તું કરી, નહિ મળે નર દેહ ફરી ફરી.

હરખ શોક તજી સુખદુઃખનો; કર વિચાર અહોનિશ તત્ત્વનો;
ન કર તું મદ યૌવનનો જરી, નહી મળે નર દેહ ફરી ફરી

ધર ક્ષમા, નય, નીતિ અને દયા, નહિ મળે દિવસો કયથી ગયા;
દૂર રહે બહુ દુર્ગુણથી ડરી, નહિ મળે નર દેહ ફરી ફરી.

વસ્તુ સર્વ વિષે સમભાવથી, ભજ નિવૃત્તિ સદા બહુ ભાવથી;
ન કર ક્રૂર કદી પરનો જરી, નહિ મળે નર દેહ ફરી ફરી.
કર નિરોધ સદા મનનો કળે, તન તણા છ રિપુ હણને બળે;
શમ દમાદિક વશ કરે ખરો, નહિ મળે નર દેહ ફરી ફરી.
વિષયને વિષ તુલ્ય પછી ગણી, ન ધર આશ કદી જન તે તણી;
કર પ્રયત્ન ભવાબ્ધિ જવા તરી, નહિ મળે નર દેહ ફરી ફરી.
ક્ષણિક છે જનનું તન આ અરે, તદપિ કેમ વિચાર ન તું કરે;
પળ અમૂલ્ય ગઈ ન મળે ફરી, નહિ મળે નર દેહ ફરી ફરી.
ન પડ તું કર દીપ લઈ કૂવે, નયન ભાઈ ઉઘાડ જરા હવે;
લઈને ધ્યાન વિષે વિનતિ જરી, નહિ મળે નર દેહ ફરી ફરી.

અભ્યાસી

卐

कोऽर्थान् प्राप्य न गर्वितो विषयिणः कस्यापदोऽस्तं गताः
स्त्रीभिः कस्य न खंडितं भुवि मनः को नाम राज्ञां प्रियः ।
कः कालस्य न मोचरान्तरगतः कोऽर्थी गतो गौरवं
को वा दुर्जनवागुरासु पतितः क्षेमेण यातः पुमान् ॥

કોનું ચિત્ત થયું ન ખંડિત અરે આ વિશ્વમાં નારીથી ?
કોને ગર્વ થયો ન કાંઈ, પલમાં પૈસાતણી પ્રાપ્તિથી ?
કાળે ક્યા જનનો ન ભક્ષ કરિયો આયુષ્ય પૂરું થતાં ?
ક્યા અર્થીજનને મહત્વ મળિયું સંસારમાં ભીખમાં ?
દ્વેષી દુર્જનો તણા કપટની જાળે ફસાઈ પડી
ક્ષેમે મુક્ત થયા ક્યા સુજનને મુક્તિ પછીથી જડી ?
ક્યા વીલંપટને ન નિત્ય દમતી વેગે વડી આપદા ?
રાજાને પ્રિય કોણ છે વળી કહો આ વિશ્વમાં સર્વદા

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રવૃત્તિ અને નિવૃત્તિ

સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ

**जानामि धर्मं न च मे प्रवृत्तिः ।**
**जानाम्यधर्मं न च मे निवृत्तिः ॥**

આપણે કોઈને સુખ આપવું એ ધર્મ છે. તેમ કોઈને દુઃખ આપવું એ પાપ છે, એ અધર્મ છે, એમ જાણતા નથી શું ? સાચું બોલવું એ ધર્મ છે. તેમ ખોટું બોલવું એ અધર્મ છે, પાપ છે, એ આપણે જાણીએ છીએ. ચોરી કરવી એ મહાપાપ છે, મહાન અધર્મ છે, એ આપણી નજર બહાર તો નથી જ. તેમ દાન આપી બીજાના આત્માને સંતોષવો એ પુણ્યનું કામ છે અને ધર્મ છે, એ આપણે જાણીએ છીએ. કામવાસનાનું સેવન કરવું એ દોષાર્હ છે. અને આપણી વાસના ઉપર કાપ મૂકી તેને બંધનમાં મૂકવું એટલું જ્ઞાન આપણને નથી એમ તો કહી શકાય જ નહીં. પરિગ્રહનું પરિમાણ કે મર્યાદા નહીં બાંધતા તે યથેચ્છ વધાર્યે જ જવું એ અન્યાય છે. એથી અનેક જીવોના સુખની આપણે ચોરી જ કરીએ છીએ એ સમજાવવાની ખાસ જરૂર જણાતી નથી. છતાં આપણે બધી ઉત્કૃષ્ટ જણાતી વસ્તુઓ તરફ પ્રવૃત્તિ કરતા નથી. ધર્માચરણ કરવાનો પ્રસંગ આવતા આંખ આડા કાન કરીએ છીએ. અને અનેક કારણોની શોધમાં પડી મનને મનાવવાનો પ્રયત્ન કરીએ છીએ. અને આપણા આત્માને ઠગવાનો પ્રયત્ન કરીએ છીએ. આમ કરવા છતાં આપણે પંડિતાઈના ભણી પાપનું પ્રાયશ્ચિત મેળવવા પ્રયત્ન કરીએ છીએ. એનો અર્થ શું ? એનો અર્થ એટલો જ જણાય છે કે, પૂર્વોક્ત શ્લોકમાં કહ્યા મુજબ હું ધર્મ જાણું છું. પણ તે આચરી શકતો નથી, તેમ હું અધર્મ કે પાપ શામાં છે એ જાણવા છતાં તે છોડી શકતો નથી. હું વિચારોના નહીં પણ વિકારોના બંધનમાં ફસાએલો છું.

નદીનો પ્રવાહ ધોધમાર વહ્યા કરતો હોય, અને ચોમાસામાં એકદમ પૂર આવે ત્યારે તે નદીનું પાણી પોતાનું પાત્ર વીંધી આડાઅવળા માર્ગે વહન કરવા માંડે છે. અને આસપાસના પ્રદેશને સમૃદ્ધ કરવાને બદલે વેરાન કરી મૂકે છે. એટલું જ નહીં પણ ઉનાળો આવતા તે પાણી રહિત રેતની જ નદી રહી જાય છે. અને પાસે આવનારને જીવન એટલે પાણી નહીં તાપ માત્ર આપે છે. અને લોકોને સુખને બદલે ગરમ તપેલી રેતના ચટકા આપે જાય છે. એવી જ સ્થિતિ આપણી બની જાય છે, એટલે આપણું વર્તન મર્યાદાનું ઉલ્લંઘન કરી સ્વેચ્છાચારી બની જાય છે. અને આમ થતાં આપણે જગતની આગળ હલકા થઈ જઈએ છીએ. આપણું ઓજ, તેજ કે ચારિત્ર બલ નષ્ટ થઈ જતા લોકો આપણો સહવાસ કરતાં અચકાય છે. આપણાથી કોઈને સુખ અપાતું નથી, પણ આપણે લોકોને ત્રાસદાયક નિવડીએ છીએ. આવી સ્થિતિમાં ધર્મ અને અધર્મની ઓળખાણ ક્યાંથી રહી શકે ? અને તેથી જ હું ધર્મ જાણું છું પણ આચરી શકતો નથી તેમ અધર્મ જાણું છું પણ છોડી શકતો નથી એમ કહેવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે.

નદીનો દાખલો જે આપણે જોઈ ગયા તે જ નદીને બંધ બાંધવામાં આવે અને તેનું પાણી સંયમિત કરવામાં આવે તો તેનું સ્વચ્છંદપણું મટી તે અપકારક નહીં રહેતા ઉપકારક થઈ શકે. આપણે આપણી ઇંદ્રિયોને વખતસર બંધમાં નહીં બાંધીએ

For Private And Personal Use Only

તો તે આપણું વીર્ય, આપણું તેજ, આપણી આત્મિક શક્તિ વેરવિખેર કરી નાખે એમાં જરા પણ શંકા નથી.

કોઈ વસ્તુનું જ્ઞાન આપણને થાય એ જરૂરી છે ખરું પણ એ વસ્તુ મુખ્ય નથી. ધર્મનું આપણને જ્ઞાન હોય પણ આપણે તેનો સ્વીકાર અને આદર નહીં કરીએ ત્યાં સુધી એ જ્ઞાનનો ઉપયોગ શું? આપણે મુંબઈ જવાનું હોય અને ત્યાં જવાના માર્ગની આપણને ખબર હોય, તેમજ તેના સાધનોની અને સમયની પૂરેપૂરી ખબર હોય છતાં જ્યાં સુધી આપણે તે માર્ગે પગ મૂકતા નથી ત્યાં સુધી આપણું જ્ઞાન શા કામનું? અમુક દવા ખાવાથી આપણો રોગ ચોક્કસ મટી જવાનો છે. અને અમુક પદાર્થો નહીં ખાવાથી એ રોગ તરત નષ્ટ થશે એવી ખાતરી થઈ હોય છતાં આપણે પ્રત્યક્ષ તેનું સેવન કરતા નથી ત્યાં સુધી આપણું એ જ્ઞાન અજ્ઞાનસ્વરૂપ જ રહે એ નિર્વિવાદ છે. એટલે જ્ઞાન સાથે ક્રિયાનું જોડાણ થતું નથી ત્યાં સુધી તે જ્ઞાન પણ નકામું છે. એક ઘરમાં અનેક ઉપયોગી વસ્તુઓ ભરી રાખી હોય અને તેને તાળું વાસી દીધેલું હોય ત્યારે તે વસ્તુઓ હોવા છતાં કોઈ કામની ગણાતી નથી. તેમ કોઈના માથામાં ખૂબ જ્ઞાન ભરેલું હોય, ગમે તે પાઠ મુખેથી તે તરત બોલી જતો હોય પણ વખત આવતા તેનો કાંઈ પણ ઉપયોગ નહીં કરતાં તે બેસી જ રહે તો તે જ્ઞાનનો ઉપયોગ શું? એ તો જ્ઞાનની વખાર જ ગણાવાની.

એક માણસ આંખેથી દેખી શકતો ન હોય અને અજાણતા ખાડામાં પડે એ બનવાજોગ છે, પણ જે પ્રત્યક્ષ આંખથી બધી વસ્તુઓ જોઈ શકતો હોય, આગળ ઊંડો ખાડો જાણતો હોય, અંદર પડવાથી હાથ પગ ભાંગી જશે એવી ખાતરી હોય, છતાં જો એ ઊઘાડી આંખે ખાડામાં પડે અને પરિણામે દુઃખ ભોગવે તો એ મનુષ્યને શું કહેવાય? થોડા જ પ્રયત્નથી આપણે ઘણો મોટો લાભ મેળવી શકીશું એવી ખાતરી હોય, એવું ચોક્કસ જ્ઞાન હોય છતાં એ મનુષ્ય આળસુ બની સૂઈ રહે અને દેખીતો લાભ ગુમાવી બેસે એવા માણસને આપણે કેવો મૂઢ ગણીએ? આપણી સ્થિતિ કાંઈક એવી જ બની ગએલી છે. ધર્મ શું છે એ જાણવા છતાં તે આચરતા નથી, અને અધર્મને ઓળખવા છતાં તેનું આચરણ આપણે છોડી શકતા નથી.

કોઈ વ્યસનાધીન મનુષ્ય હોય એના જેવી આપણી સ્થિતિ થઈ ગએલી છે. દારૂ, ભાંગ, ચા, બીડી, તમાકુ કે એવા કોઈ વ્યસનને આધીન કોઈ થપડાઈ જાય છે ત્યારે તેને ઘણી વખત પોતાની સ્થિતિનું ભાન થઈ આવે છે. આપણે કરીએ છીએ એ કોઈ પ્રશસ્ત વસ્તુ નથી એવું એને સમજાય છે. સામાન્ય પોતાના આરોગ્ય અને સુખને પણ એ વ્યસન હાનિકારક છે અને એ ધર્મ નહીં પણ ધર્મથી વિરૂદ્ધ અધર્મ છે એવી એની ખાતરી થઈ ગએલી હોય છે છતાં એ હતાશ બની કહે છે કે શું કરું આ ભૂંડું વ્યસન મને વળગેલું છે. છોડી દઉં એવું ઘણી વખત લાગે છે પણ છૂટતું નથી. અર્થાત્ ધર્મ શેમાં છે અને અધર્મ શેમાં છે એવું એને ભાન હોય છે, પણ ઉત્કટ વ્યસનનું ભૂત એના મન ઉપર એવો તો પાકો સવાર થઈ બેઠું હોય છે કે, એની આગળ એ દાસ બની બેસે છે. ચોર પોતાનું ઘર લૂંટે છે, એ પ્રત્યક્ષ નજરે જોવા છતા એ લૂંટાવા દે છે. અને પોતે હાથ પગ જોડી બેસી રહી પોતાની હાનિ પોતાને હાથે થતી જોતો રહે છે. એની પાસેથી પુરુષાર્થ નામનો પદાર્થ ક્યાંય દૂર ભાગી ગએલો હોય છે. પોતે માયકાંગલો બની બે પગ વચ્ચે મોઢું છુપાવી બેસે છે.

વ્યસની માણસની સ્થિતિ કોઈ વખત એવી પણ થઈ જાય છે કે, કોઈના ઉપદેશથી કે, પોતાના જ વ્યસનના કડવા પરિણામો એની નજરે સામે દેખાતા એ ગભરાય છે અને ઉત્કટ ભીષ્મપ્રતિજ્ઞા કરતો હોય છે. અને કહે છે કે, હવેથી મારા વ્યસનની વસ્તુને હું અડીશ પણ નહીં. એવી એ પ્રતિજ્ઞા કેટલા કાળ નભે? વ્યસનસેવનનો સમય થાય ત્યાં સુધી એની એ પ્રતિજ્ઞા નભે જાય છે, પણ વખત આવતા અને એ પદાર્થ જણાતા એની પશુતા બમણા જોરથી આગળ આવી ઊભી રહે છે. અને ફરી પહેલાં જેવું

જ એ વ્યસન સેવન કરવા માંડે છે. ફરી જ્યાં ને ત્યાં જ એ આવી જાય છે. કેટલીએક વખતે એ વ્યસનનો ત્યાગ વધુ વખત સુધી નભાવ્યે જાય છે, પણ સમય-સર એવી પ્રતિજ્ઞા પણ તૂટી જાય છે. ગુરુ પાસે મોઢાની સામે ગ્રહણ કરે છે, છતાં એ પ્રતિજ્ઞા કે દેવગુરુ અને આત્માની સાક્ષીએ લીધેલી પ્રતિજ્ઞા ફોક કરી ભગ્નપ્રતિજ્ઞ દોષનો ભાગી બની બેસે છે.

પોતાનું વ્યસન છોડી પૂર્ણ નિર્વ્યસની બને એવા કોઈક જ ધીર અને વીર પુરુષ પાકે છે. બાકી હજારોમાંથી નવસો નવાણું લોકો તો ધર્મ જાણું છું પણ આચરી શકતો નથી અને અધર્મ જાણું છું પણ છોડી શકતો નથી એવી કોટીના જ હોય છે. આપણે એવા વિરલ શૂરવીર બનવું હોય તો પોતામાં રહેલ સુપ્ત એવો પુરુષાર્થ જાગૃત કરવો પડશે. થોડા ઘણા કષ્ટ તો સહન કરવા જ પડશે. કારણ કષ્ટ વગર જગતમાં કાંઈપણ પ્રાપ્ત થતું જ નથી, એ નક્કર સત્ય છે.

પાપકાર્ય છોડતાં પ્રારંભમાં કષ્ટ તો પડવાના જ, પણ એ કષ્ટ સહન કરતા અંતે સિદ્ધિ તો મળવાની જ છે. આપણાથી એ કેમ બનશે? આપણું કેમ થશે? એ વિચારો નિર્વીર્ય અને ક્લીબ પુરુષોના હોય, શૂરાઓના નહીં. આત્માની શક્તિ મોટી નહીં પણ અનંતી છે. એવું શાસ્ત્રો પોકારી પોકારીને કહી રહેલ છે. શું આપણી જ પાસે એવી શક્તિનો અભાવ હશે? જરા ધીર ધારણ કરો. ધર્મને જાણ્યો છો તો તેનું આચરણ કરો અને અધર્મ જાણ્યો છો તો તેનો ત્યાગ કરો!

★

माता निंदति नाभिनंदति पिता भ्राता न संभाषते
भृत्यः कुप्यति नानुगच्छति सुतः कान्ता न संरंभते ।
अर्थप्रार्थनशंकया न कुरुतेऽप्यालापमात्रं सुहृत्
तस्मादर्थमुपार्जयस्व च सखे ! ह्यर्थस्य सर्वे वशाः ॥

નિંદા કરે માતા, પિતા પ્રીતે ન બોલાવે કદિ,
કાન્તા ન મનરંજન કરે મુખથી મધુર વાણી વદી;
ભાઈ ન પૂછે ભાવ સુત આજ્ઞા સહુ ઉથાપતા,
ધન માગશે એ ભયથકી મિત્રો ન મન પેં આપતા.

ધનહીન જનની જગતમાં આવી દશા દેખાય છે,
ધનવાનને સુત દાર માતા સર્વ આધીન થાય છે;
તે માટે શાણા સજ્જનો ધનકાજ યત્નો બહુ કરો,
યત્નો છતાં જો ના મળે તો દેવનો દોષ જ ખરો.

卐

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સતીમંડળ અને સતીત્વ

શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી

બ્રહ્મચર્યનો મહિમા આમ તો સર્વત્ર ગવાયેલો દૃષ્ટિગોચર થાય છે, છતાં જૈનદર્શનમાં એનું સ્થાન સર્વશ્રેષ્ઠ છે એટલું જ નહીં પણ એની મહત્તા વિશેષપણે સ્વીકારાયેલી છે અને તે યથાર્થ પણ છે જ. જૈન દર્શનને અનેકાંત દર્શન તરીકે પણ ઓળખવામાં આવે છે એનું કારણ એ કે સર્વદ્રવ્યો સંબંધી વિચારણા કરતાં તે કોઈ વાતમાં એકાંતનું નાકું પકડી ન રાખતાં જુદી જુદી દૃષ્ટિએ જુવે છે અપેક્ષાને આગળ કરી દરેક પ્રશ્નનું તોલન સ્યાદ્‌વાદની દૃષ્ટિથી કરે છે. એનું ધ્યેય સમન્વય સાધવા તરફ હોય છે અને એ પદ્ધતિ એવી રહસ્યભરી છે કે જ્યાં ઝઘડા-ટંટા કે મતફેર ટકી શકતા નથી, આમ છતાં એ દર્શનમાં પણ બ્રહ્મચર્યનો વિચાર ચલાવતી વેળા બાર મૂકીને કહેવાયું છે કે-આ પવિત્ર વ્રતનું જરા પણ ખંડન ઇષ્ટ નથી. એમાં ભિન્ન અપેક્ષાનો ઉપયોગ અસ્થાને છે. એકાંતપણે એ મહાવ્રતનું પાલન જ પ્રશંસનીય છે. એ કારણે ત્યાગપંથના પાંચ મહાવ્રતોમાં બ્રહ્મચર્યવ્રત મુગટ સમાન છે.

આમ છતાં પ્રભાતકાળે જે સતીઓ સ્ત્રીપુરુષોનું સ્મરણ કરવામાં આવે છે તેમાં અખંડ બ્રહ્મચારીના નામ તો આંગળીના વેઢે ગણાય તેટલા પણ નથી ! વર્તમાન ચોવીશીના તીર્થંકરો પ્રતિ નજર નાખીશું તો જણાશે કે— 'મલ્લિ, નેમ, પરણ્યા નહીં, બીજા ઘરબારી' એવા કવિ શ્રી વીરવિજયના ઉલ્લેખ મુજબ માત્ર બે જ તીર્થંકરો બાળબ્રહ્મચારી છે. આ ઉપરથી દીવા જેવું સ્પષ્ટ જણાય છે કે—**કંદર્પદર્પદલને વિરલા મનુષ્યાઃ**। એ વચન અનુભવસિદ્ધ છે. આમ હોવાથી જેઓ સર્વથા કામને જીતી શક્યા નથી, પણ એના ઉપર વિવિધ માર્ગો દ્વારા અંકુશ ધરાવે છે તે સર્વ શ્લાઘનીય ગણાય છે અને એવા સત્ત્વશાળી આત્માઓના નામસ્મરણ કરી ઇંદ્ર સભામાં બેસતા હોય કિંવા માનવો પ્રાતઃકાળે સ્મૃતિપંથમાં પ્રથમ સ્થાન આપતાં હોય તો તેમાં કંઈ આશ્ચર્ય જેવું નથી.

આ વિષયમાં જરા વધારે ઊંડા ઊતરીશું તો પુરુષ વર્ગ કરતાં સ્ત્રીવર્ગમાંથી વિશેષ સંખ્યા જનતાને મુખે ચઢેલી નયન-પથમાં આવશે. એમાં બાળબ્રહ્મચારી, પતિપરાયણાના નામો જોવાના મળે છે તેમ એક કરતાં અધિક પતિ ધરાવનાર પણ જોવાય છે ! એથી ઘડીભર આશ્ચર્ય સંભવે, પણ એ પાછળનું વૃત્તાંત બરાબર અવધારવામાં આવે, અને એને ધ્યાનમાં રાખી જ્ઞાની પુરુષોએ એ ઉપર સહીસીક્કા કરેલા છે તેનો વિચાર કરવામાં આવે, તો સંશય-જાળમાં પડેલ સાકરના ગાંગડા માફક ઓગળી જાય છે. આત્મામાં રહેલું સત્ત્વ જ કસોટી પર ચઢે છે. અલબત્ત નારી જાતિ માટે જુદાજુદા દર્શનકારોએ ભાતભાતના અને કેટલીકવાર સાવ વિચિત્ર લાગે તેવા ઉલ્લેખો કરેલા છે, છતાં પણ આત્મધર્મ પર મુસ્તાક રહેનાર અને અપેક્ષાના માપથી માપનાર જૈનધર્મમાં એ જાતની નથી તો વિચિત્રતા કે નથી તો એકાંત. આત્મત્વની નજરે સ્ત્રી-પુરુષ વચ્ચે કોઈ પણ જાતનો ફરક ન જોનાર દર્શનકારોએ યથાર્થ મૂલ્યાંકન કરેલ છે. માતૃપદ જેવું સ્થાન ધ્યાનમાં રાખી વખાણ કરતાં વિશિષ્ટતા પણ દાખવી છે. એ માટે લંબાણ ન કરતાં એટલું જ જણાવીએ કે-'નારી નરકની ખાણ' જેવું વાક્ય આંખે ચઢે છે તેમ 'સ્ત્રી સ્વર્ગની સીઢી' વા 'રત્નકુક્ષી' જેવા.

For Private And Personal Use Only

વિશેષતાઓ પણ અપાયેલ દૃષ્ટિગોચર થાય છે. સાતમી નરકનું દ્વાર સ્ત્રીજાતિને માટે કાયમનું બંધ કરી એનું ગૌરવ વધાર્યું" છે અને આપણા આ અવસર્પિણી કાળમાં ચોવીશ તીર્થંકરોમાં શ્રી મલ્લિનાથ સ્ત્રી તીર્થંકર તરીકે થયા છે એ સ્ત્રી જાતિની મહત્તા ઓછી ન લેખાય અને એમાં પણ દીક્ષા લીધા બાદ કોઈ પણ જાતના ઉપસર્ગો સહ્યા વિના વહેલામાં વહેલું કેવળજ્ઞાન એમને જ થયું છે. સ્ત્રીત્વમાં અજોડ શક્તિના દર્શન તત્વચિંતકોએ કરેલા છે.

લંબાણ ભૂમિકાને સમેટી લેતાં મથાળે ટાંકેલ વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે 'ચારુશીલા રમણીરત્નો'ની લેખમાળામાં આ માસિકના અગાઉના અંકોમાં સારા પ્રમાણમાં કેટલીક સતીઓ આલેખાઈ ચૂકેલ છે, છતાં જેઓ પ્રખ્યાત છે છતાં અહીં સ્થાન પામેલ નથી, વળી પ્રભાતકાળની સ્તવનામાં જેમના નામો સૂચવતા સ્તવનોમાં ફેરફાર જણાય છે, અને કેટલીક તરતમતા તોડીને આંખે વળગે છે એ સર્વનો યથાશક્તિ તાળો મેળવી, સરવાળે તો શિયળવ્રતના માહાત્મ્યની જ યશગાથા ગાવાની છે.

'પ્રભાતે ઉઠી મંગલિક કામે સોળ સતીના નામ લીજીએ' એ પ્રભાતીયું, 'બ્રાહ્મી ચંદનબાળિકા, રાજીમતી દ્રૌપદી' નામા '*જિનસ્તવન*'માં આવતી લીટીઓ અને 'ભરહેસરબાહુબલિ' નામની સજ્ઝાયમાં યાદ કરાયેલ નારી જાતિની સારીયે નામાવલીરૂપ ' ત્રિવેણીને નેત્ર સામે રાખી લેખિનાને ગતિ કરાવતાં સૌ પ્રથમ નામફેરફારનું પ્રમાણ અવધારીએ.

સોળ સતીના છંદમાં નામો આ પ્રમાણે ગણાવેલા છે. ૧ બ્રાહ્મી, ૨ સુંદરી, ૩ ચંદનબાળા, ૪ રાજીમતી, ૫ દ્રૌપદી, ૬ કૌશલ્યા, ૭ મૃગાવતી, ૮ સુલસા, ૯ સીતા, ૧૦ સુભદ્રા, ૧૧ શીવા, ૧૨ કુંતી, ૧૩ શીલવતી, ૧૪ દમયંતી, ૧૫ પુષ્પચુલા અને પ્રભાવતી, ૧૬ પદ્માવતી. મુનિશ્રી ઉદયરત્ને છંદમાં ઉપર મુજબ નામો ગણાવ્યા છે અને એમનો અંક સત્તર થતો હોવા છતાં 'સોળમી સતી પદ્માવતીએ' કહી પુષ્પચુલા ને પ્રભાવતીને સાથમાં મૂકેલ છે.

શ્રી ધર્મસૂરિએ 'નિત્યે શ્રી ભુવનાધિવાસ ભુવન પ્રતિમણિદ્યોતિને...' નામા જે સ્તવન રચ્યું છે એના પ્રાંત ભાગે નિમ્ન નામો ગણાવ્યા છે. ૧ બ્રાહ્મી, ૨ ચંદનબાળા, ૩ રાજીમતી, ૪ દ્રૌપદી, ૫ કૌશલ્યા, ૬ મૃગાવતી; ૭ સુલસા, ૮ સીતા, ૯ સુભદ્રા, ૧૦ શિવા, ૧૧ કુન્તી, ૧૨ શીલવતી, ૧૩ નલદયિતા દમયંતી, ૧૪ ચૂલાપ્રભાવત્યો પ્રયોગથી ચૂલા ને પ્રભાવતી, ૧૫ પદ્માવતી, ૧૬ સુંદરી. 'કુર્વન્તુ વો મંગલમ્' ઉલ્લેખથી કડી પૂરી કરેલ છે. ઉપરના નામો મુજબ જ આ નામો છે; ફક્ત ક્રમમાં ફેરફાર કરેલ છે.

ભરહેસરની સજ્ઝાયમાં શરૂઆત ૧ સુલસાથી કરી, ૨ ચંદનબાળા, ૩ મનોરમા, ૪ મદનરેખા, ૫ દમયંતી, ૬ નર્મદા, ૭ સીતા, ૮ નંદા, ૯ ભદ્રા; ૧૦ સુભદ્રા, ૧૧ રાજીમતી, ૧૨ ઋષિદત્તા, ૧૩ પદ્માવતી, ૧૪ અંજના, ૧૫ શ્રીદેવી, ૧૬ જ્યેષ્ઠા, ૧૭ સુજ્યેષ્ઠા, ૧૮ મૃગાવતી, ૧૯ પ્રભાવતી, ૨૦ ચેલણા, ૨૧ બ્રાહ્મી, ૨૨ સુંદરી, ૨૩ રુક્મિણી, ૨૪ રેવતી, ૨૫ કુંતી, ૨૬ શીવા, ૨૭ જયંતી, ૨૮ દેવકી–દેવકી, ૨૯ દ્રોપદી–દ્રૌપદી, ૩૦ ધારણી, ૩૧ કલાવતી, ૩૨ પુષ્પચુલા, ૩૩ પદ્માવતી, ૩૪ ગૌરી, ૩૫ ગંધારી. ૩૬ લક્ષ્મણા, ૩૭ સુસિમા, ૩૮ જાંબુવતી, ૩૯ સત્યભામા, ૪૦ રુક્મણી. ( એ આઠ કૃષ્ણ વાસુદેવની રાણીઓ ) ૪૧ થી ૪૭ સુધીમાં શકડાલ મંત્રીશ્વરની કન્યાઓ યાને સ્થૂલભદ્રની બ્હેનો જેમના નામ યક્ષા, યક્ષદિન્ના, ભૂતા, ભૂતદિન્ના, સેણા, વેણા, અને રેણા છે એ સર્વને ગણાવી ઇત્યાદિ મહાસતીઓ કહી પૂર્ણાહુતિ કરેલ છે.

છેલ્લી ચુમ્માલીસવાળી ગણત્રીમાં સોળ સતીમાં આવતા કૌશલ્યા અને શિયળવતી કે શીલવતીરૂપ બે નામો જણાતા નથી. કૃષ્ણમહિષીઓ અને સ્થૂલભદ્રની બ્હેનોને બાદ કરીએ તો પણ નવા સોળ નામો તેમજ ઉપર્યુક્ત બેની ગણતીમાં નવા બે ઉમે-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રેતાં આકારનો એક થાય છે. આ સર્વનું સ્મરણ કરવા પાછળ પૂર્વે જોઈ ગયા તેમ આ નારીવૃંદમાં શિયળવ્રત માટે કટીબદ્ધ થયેલ અડગતા આગળ પડતી આવે છે. પતિપરાયણતાના નિતરાં દર્શન થાય છે. આ પ્રકારનો સત્વગુણ પ્રબળ હોવાથી એ સર્વની ગણના સતીઓમાં કરાયેલી છે અને પ્રાતઃકાળની વંદનામાં અગ્રસ્થાન આપેલ છે. અપવાદરૂપે આમાં દ્રૌપદીનું જીવન જણાશે પણ એ પાછળ પાંડવમાતાવાળો પ્રસંગ ધ્યાનમાં લઈએ અને પૂર્વ ભવમાં એના જીવે કરેલ નિયાણાને વિચારીએ, તથા પાંચ ભરથાર હોવા છતાં તેણીએ જે કડકાઈથી નિયમ મુજબ એકને સ્વામીરૂપે સ્વીકારી બાકીના ચાર પ્રત્યે દિયર જેવું શુદ્ધ વર્તન દાખવ્યું છે તે તરફ યથાર્થ લક્ષ્ય આપીએ તો એની ગણના સતીમંડળમાં થયેલી છે તે પાછળનો આશય સહજ સમજી શકાય.

બાળબ્રહ્મચારિણીના કારણે જેમ બ્રાહ્મી, સુંદરી અને ચંદનબાળાનો નંબર સતીઓમાં મુખ્યપણે નોંધાયો તેમ સ્થૂળભદ્રજીની ભગિનીઓ પણ એ જ કક્ષામાં હતી. એ સર્વ માટે પતિપરાયણતાને સ્થાને અંતરમાં રમતો શિયળવ્રત માટેનો દૃઢ પ્રેમ યાને સત્વગુણ જ ગણનાપાત્ર લેખાયો છે. ભગવતી રાજીમતી પણ ગૃહસ્થ જીવનમાં રહ્યાં નથી. માત્ર વિવાહ સંબંધ જોડાયો હતો છતાં પાણિગ્રહણના અવસરને ઉદ્દેશી તેમણે ભગવંત શ્રી અરિષ્ટનેમીને જે રીતે પાઠ કર્યા છે એમાં પતિ પ્રત્યેના અચ્છેદ્ય પ્રેમના દર્શન થાય છે. પૂર્વના આઠ ભવની પ્રીત તેમને સંયમમાર્ગે પ્રતિ ઉમળકાભેર ખેંચી જાય છે. ઘડીભર નાશી-પસી ઉપાલંભના વચનો ઉચ્ચરાવે છે છતાં સાચા હૃદયનું મિલન હોવાથી માર્ગ તો સ્વામીએ લીધો તે જ એ લે છે. અંતરની એ સચોટ દૃઢતા એકાંત ગુફા છતાં સ્થિર એવા રથનેમિને માર્ગ પર સ્થિર કરનાર બને છે.

ઉપરનું દૃષ્ટાંત જેમ અખંડ પ્રેમનું છે તેમ સુજ્યેષ્ઠાની કથા પ્રેમભંગના ઉદાહરણરૂપ છે. શ્રેણિકરાજ સહ ચેલણા ચાલી જતાં એના અંતરમાં ખળભળાટ મચે છે અને એનો અંત સંસારત્યાગમાં આવે છે. શ્રમણીજીવનમાં આતાપના લેતાં બ્રહ્મચર્યની અખંડતા જળવાતી નથી પણ એ પાછળ માનસિક લાલસાનો અંશ ન હોવાથી વ્રતભંગ નથી લેખાતો અને ચેડા યાને ચેટક મહારાજાની સાતે સતી એવી ભગવંત શ્રી મહાવીર દેવના ટંકશાળી પ્રમાણે ૧ જ્યેષ્ઠા, ૨ શિવા, ૩ પ્રભાવતી, ૪ મૃગાવતી, ૫ પદ્માવતી, ૬ ચેલણા માફક આ સુજ્યેષ્ઠા પણ સતીમંડળમાં શોભી રહે છે. કૌશલ્યા, કુંતી, દેવકી જેવા કેટલાક નામો છે કે જેમને ઉપસર્ગનો પ્રસંગ આવ્યો નથી, કેવલ પતિભક્તિ જ ગણત્રીમાં લેવાઈ છે. કૃષ્ણ-વાસુદેવની આઠ પટરાણીઓના જીવનમાં પણ કોઈ ખાસ બનાવ નોંધાયો હોય એવું જણાતું નથી.

એ સિવાયના નામોમાં શિયળવ્રત કસોટીના બનાવો નોંધાયા છે. કેટલીક લલનાઓને પતિવિરહના દુઃખો વેઠવા પડ્યા છે. કોઈ કોઈને શિરે આળ ચઢ્યા છે. ગર્ભાવસ્થામાં રઝળપાટ કરવી પડી છે અને શરીરઘાતના પણ વેઠવી પડી છે. ( ક્રમશઃ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# માનસિક મિત્રો અને શત્રુઓ

અનુ-વિઠ્ઠલદાસ મૂ. શાહ

(૧)

"We can make our minds art galleries of beauty or chambers of horry we can furnish them with any-thing we please."

"આપણે આપણા મનને સૌંદર્યનું મંદિર અથવા શોકભયાદિનું નિવાસસ્થાન બનાવી શકીએ. આપણે ગમે તે વસ્તુથી તેને ભરી શકીએ છીએ."

આપણા વિચારો માનસિક આકૃતિઓ જ છે. તે આકૃતિઓ સાકાર સત્યતાની પૂર્વે આવિર્ભૂત થાય છે. તે માનસિક આકૃતિઓ-ચિત્રોની જીવનમાં તેમજ ચારિત્ર્ય ઉપર છાપ પડે છે. આપણા વિજયના તથા સુખના શત્રુઓ-અસ્વસ્થ વિચારો, વિષમ વિચારો, ઇર્ષ્યાના વિચારો આપણા મનોરાજ્યમાં દાખલ થઈ આપણી શાંતિ અને સ્વાસ્થ્ય કે જેના વગર જીવન એક જીવતી કબર સમાન છે તેને લૂંટી લે તેના કરતાં આપણા ઘરમાં ચોરો દાખલ થઈને આપણા કિંમતી ખજાના, માલ-મિલકત લૂંટી લે તે સહસ્ત્રધા સારું છે.

જે કંઇ આપણે કરીએ અથવા ન કરીએ તે બધી બાબતમાં કોઈ પણ પ્રકારના વિષમ વિચારોને આપણા મનમાં સ્થાન કરવા ન દેવું એવો નિશ્ચય કરવો-આપણી માનસિક શક્તિને શુદ્ધ અને પવિત્ર રાખવા પર જ દરેક વસ્તુનો આધાર છે. આપણા મનોમંદિરને દરેક પ્રકારના વિચારશત્રુઓથી મુક્ત અને પવિત્ર રાખવાનો યત્ન કરવાની આવશ્યકતા છે.

એક વિષમ વિચાર અથવા એક અસ્વસ્થ પ્રકૃતિને એક જ વખત પોષણ આપવાથી ઘણા વિષમ વિચારો અને અને અનેક અસ્વસ્થ પ્રકૃતિઓ ઉત્પન્ન થાય છે. જે ક્ષણે આપણે એક અથવા બીજાને પોષણ આપશું તે જ ક્ષણે તે સહસ્ત્રધા વધશે અને વધારે પ્રબળ અને ઉગ્ર થશે. આપણે વૈષમ્ય અને અસ્વસ્થ પ્રકૃતિની સાથે કોઇ પણ કામ છે જ નહિ, કેમકે તેઓ જેને સ્પર્શે છે તે વિષમ બની જાય છે, તેઓ તેના વિષમ સંસ્કાર પ્રત્યેક વસ્તુ પર મૂકે છે અને તેનાથી કોઇપણ મનુષ્ય આશા, સુખ અને હોશિયારી વગરનો થઇ જાય છે. આ સઘળી શ્યામ આકૃતિઓને અને ચિત્રોને તમારા મનમંદિરમાંથી હાંકી કાઢો, કારણ કે તેઓ નિરાશા અને પરાભવને પેદા કરે છે.

આપણે આપણા વિચારોના દ્વાર પર બરાબર ચોકી રાખી આપણાં સુખ અને આકાંક્ષાના શત્રુઓને દૂર રાખવાની જરૂર છે. આપણા મનમંદિરમાં વસનારા આ શત્રુઓ સિવાય આપણા કોઇ શત્રુ નથી, જે શત્રુઓને જન્મ દેનાર આપણા પોતાના વિકારો, વિક્રિયા અને સ્વાર્થીપણા જ છે.

સ્વભાવથી જ આપણું એવું બંધારણ છે કે આપણે સાચું જ કહેવું જોઇએ, સીધા જ જવું જોઇએ, પવિત્ર, શુદ્ધ, નિઃસ્વાર્થ, સત્યવાદી, ઉદાર અને પ્રેમાળ રહેવું જોઇએ; નહિતો આપણે વાસ્તવિક વિજય, સુખ અને આરોગ્ય પ્રાપ્ત કરી શકીએ જ નહિ. મન અને શરીરનું સંપૂર્ણ ઐક્ય એ જ ખરું માનસિકત્વ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જો આપણે વિનાશક વિચારશત્રુઓના પ્રવેશને માટે આપણા મનમંદિરના દ્વાર બંધ રાખીએ અને જે વિચારો ઉન્નત કરે છે, સતેજ કરે છે, આનંદ અને આશા આપે છે, એવાં વિચારોને જ આપણા મનમાં દાખલ કરીએ તો આપણે મહાન સંઘર્ષ અને પરિશ્રમને અટકાવવા શક્તિમાન થઇ શકીએ. એવા અનેક દાખલાઓ બને છે કે જેમાં દુઃખદ, ઉદાસી અને વિષમ વિચારો મનુષ્યનું જીવન–તેજ અલ્પ સમયમાં જ ચૂસી લે છે, જે દિવસોના દિવસો સુધી કરેલ સખત મજૂરીથી પણ બનવું અશક્ય છે.

કોઇ વખત એકાદ શોકજનક કે નિરાશાજનક બનાવ બનવાથી અને દ્રવ્યના ભારે નુકશાનથી માત્ર અલ્પ સમયમાં—માણસના બાહ્ય સ્વરૂપમાં મહાન ફેરફાર થયેલો એટલે સુધી જોઇએ છીએ કે તેના પરિચિત માણસો પણ તેને ભાગ્યે જ ઓળખી શકે. સ્વપ્નમાં પણ આવેલો દુષ્ટ વિચાર કેશને શ્વેત કરી મૂકે છે, એવાં ઘણા દૃષ્ટાંતો મળી આવે છે. આ બનાવથી વિચારનું પ્રાબલ્ય સાબિત થાય છે.

થોડા દિવસોમાં જ અથવા અઠવાડિયામાં ક્રોધ, અદેખાઇ માણસના જીવનમાં કેટલો ભયાનક ફેરફાર કરી મૂકે છે ! તે પાચનશક્તિનો નાશ કરે છે, જીવનપ્રવાહને ઢૂંકાવી નાખે છે, જીવનતત્ત્વને ક્ષીણ કરે છે અને વિવેકબુદ્ધિને સંકુચિત કરે છે, અને ખરેખર, સમસ્ત જીવનને વિષમય બનાવી મૂકે છે.

વિચાર કરવાની કળામાં બાળકોને યોગ્ય શિક્ષણ આપ્યું હોય તો આપણા આનંદના, સુખના અને સંતોષના વિચારથી કરાયેલા વિનાશને બદલે માનસિક સૌંદર્ય અને સ્વાસ્થ્યના પ્રાપ્તિ યોગ્ય વયે પહોંચેલા માણસને કેટલી સુગમ અને સુખકર થઇ શકે !

આપણે સત્વર સમજી શકીએ છીએ કે ગરમ વસ્તુ શરીરને બાળે છે, તીક્ષ્ણ હથિયાર કાપી નાખે છે, અને જે વસ્તુઓ પીડાકારક હોય છે તે તજી દેવાને અને જે શારીરિક સુખ અને આનંદ આપે તેનો અનુભવ કરવાને યત્ન કરીએ છીએ; જ્યારે આપણા મનોરાજ્યમાં આપણે હમેશાં આપણી જાતને નાશકારક અને ભયપ્રદ વિચારોથી બાળીએ છીએ, અને આપણા રુધિરને અને મગજને વિષમય બનાવી મૂકીએ છીએ, આનું શું કારણ ? નિરંતર આપણે આ માનસિક ઘા અને દાહ સહન કરીએ છીએ, છતાં પણ આ દુઃખના કારણોને નિર્મૂળ કરવાનો વિચાર પણ કરતા નથી.

દુઃખ સહન કરવા માટે નહિ, પણ આનંદી, સુખી, ઉન્નત અને પ્રસન્ન રહેવા માટે જ પ્રત્યેક વ્યક્તિ નિર્માયેલ છે. વિચાર કરવાની કલુષિત ટેવને લઇને જ માનવજાતિનું અધઃપતન થયું છે. આખી જાતિ ક્ષીણતાને પામી છે, છતાં આપણે અનુભવ પરથી કહી શકીએ કે જેમ ઘડિયાળના બનાવનારે થોડી પણ અપૂર્ણતા રાખવાનો વિચાર રાખ્યો હોય અને યોજના કરી હોય તેમ કુદરત કે જેની સર્વ વસ્તુઓ સંપૂર્ણ રીતે સારી છે તેણે માણસોને વધારે ઓછા પ્રમાણમાં કર્મના કાયદા પ્રમાણે દુઃખ હોવું જોઇએ એવી પણ યોજના કદાચ કરી હોય.

આપણા વિચારશત્રુઓથી મુક્ત થવાને અવિચ્છિન્ન, આગ્રહયુક્ત, નિયમિત અને યથાક્રમ પ્રયત્નની અપેક્ષા છે. આપણે કોઇપણ નાનુંમોટું કાર્ય ઉત્સાહ, શક્તિ અને અડગ નિશ્ચય વગર સાધી શકતા નથી, તો પછી પૂર્ણ ઉત્સાહથી સામા થઇ તેઓને હાંકી કાઢ્યા વગર અને મનમંદિરના દ્વાર પર તેઓને માટે તાળું લગાવ્યા વગર કેવી રીતે આપણા શાંતિ અને સુખના શત્રુઓને મનોરાજ્યમાંથી દૂર રાખવાની આશા રાખી શકીએ ?

જે લોકો તરફ આપણને અણગમો હોય, જેઓ આપણને હાનિકર્તા હોય તેઓને અથવા આપણા લૌકિક શત્રુઓને આપણા ઘરમાં આવતા અટકાવવાને આપણે કંઇ શ્રમ વેઠવો પડતો હોય તેમ લાગતું નથી; તો આપણા વિચારશત્રુઓને આપણા મનમાં પ્રવેશતા કેમ અટકાવી શકીએ નહિ ? આપણે મૂળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આ સભાના માનનીય પ્રમુખ

# સ્વ૦ શેઠ ગુલાબચંદ આણંદજી

આજથી પોણી સદી પૂર્વે ભાવનગરને અમુક નરરત્નો સાંપડ્યા, જેઓએ પોતાની સતત સેવા અને વ્યક્તિત્વથી ભાવનગરના જૈન સંઘનું ગૌરવ વધાર્યું. જૈન સાહિત્ય, શિક્ષણ અને વિચારશીલતાની દૃષ્ટિએ ભારતના જૈન સમાજમાં ભાવનગરનું સ્થાન અગ્રપદે આવ્યું.

આવા કર્તવ્યપરાયણ નરરત્નો, એ ભાવનગરની મહામૂડી બની રહી.

ક્રમભાગ્યે ભાવનગરના ગૌરવ સમા આ નરરત્નો એક પછી એક વિલીન થતાં જાય છે. ભાવનગરનો સંઘ પ્રતિભાશાળી નરરત્નો વિહોણો થતો જાય છે.

આ જૂની પેઢીના ગૌરવ સમા શેઠ ગુલાબચંદ આણંદજી કાપડિયાનું ૭૮ વરસની વૃદ્ધવયે ફાગણ શુદિ ૧૩ના રોજ અવસાન થયું.

જૂની હરોળના સતત સેવાભાવી સેવકો પૈકી તેઓશ્રી એમના એક હતા તે ભાવનગરે ગુમાવ્યા. ભાવનગરને મન એ દુઃખનો વિષય ગણાય.

ખાસ કરીને સદ્‌ગતે આ સભાના ઉત્થાનને અંગે નોંધપાત્ર ભોગ આપ્યો હતો.

સભાના જન્મકાળથી જ તેઓશ્રી સભાની વિધવિધ પ્રવૃત્તિમાં રોકાયા હતા, અને છેલ્લા લગભગ પચીસ વરસથી તેઓશ્રી સભાના માનનીય પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળતા હતા. સભાને પગભર કરવામાં અને તેનું વહીવટી તંત્ર વ્યવસ્થિત રીતે ચલાવવામાં તેઓશ્રી હંમેશા તત્પર રહેતા, અને સભાની પ્રવૃત્તિમાં સૌને રસ લેતા રાખવા માટે તેઓશ્રી હંમેશા પ્રેરણા કરતા રહેતા હતા. આમ સભાના એક સ્થંભ-આત્મા તરીકે તેઓશ્રીએ વરસો સુધી સેવા સમર્પી.

---

ઉપર ઉઘાડે પગે ચાલીએ તો આપણા પગને ઇજા કરે તેવા અણીદાર પથ્થરો ઉપર નહિ ચાલતાં તેને સહેલાઇથી દૂર જ રાખશું, તેવી રીતે જે તિરસ્કારના વિચારો, સ્વાર્થી વિચારો, ઇર્ષ્યાયુક્ત વિચારો આપણને નુકશાન કરે છે અને પીડા કરે છે તેવા વિચારોને દૂર રાખવા-હાંકી કાઢવા તે મુશ્કેલ નથી. તે વિષય બહુ ગંભીર નથી. માત્ર માનસિક શત્રુઓથી વિમુખ થવાનો અને માનસિક મિત્રોનું સન્માન કરવાનો જ પ્રશ્ન છે.

કેટલાક વિચારો, આશા, આનંદ, પ્રસન્નતા અને પ્રોત્સાહન આપે છે જે આખા શરીરમાં વિસ્તરી રહે છે. કેટલાક વિચારો એવા હોય છે કે જે આશા, સંતોષ અને આનંદને દાબી દે છે. જો આપણે નિરંતર પ્રોત્સાહક અને પ્રબળ વિચારોનું મનમાં સેવન કરીએ તો સુખ, સંપત્તિ, ઐશ્વર્ય અને દીર્ઘાયુષ્યની પ્રાપ્તિ કેટલે દરજ્જે સંભવિત છે તેનો વિચાર કરો.

મનની અંદર સ્નેહ વિચારોનું મનન થતું હોય ત્યારે સ્નેહાભાવના વિચારોનો પ્રવેશ અશક્ય છે. માનસિક અરીસામાં સૌંદર્યનું પ્રતિબિંબ પડેલું હોય ત્યારે વિરૂપતાની છાયા અશક્ય છે; આનંદનું પ્રાધાન્ય હોય ત્યારે શોક દબાઇ જાય છે, જ્યારે આનંદ અને આશાનો મનની અંદર વાસ હોય છે ત્યારે દુઃખ અને શોકની સત્તા શરીર પર ચાલી શકે જ નહિ. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ઉપરાંત શ્રીજૈન ધર્મ પ્રસારક સભા, જૈન બોર્ડીંગ, જૈન ભોજનશાળા, શીવજમભાઈ કન્યાશાળા, યશોવિજય જૈન ગુરુકુળ પાલીતાણા, ઘોઘારી જ્ઞાતિ, યશોવિજય જૈન ગ્રંથમાળા, શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિ અને જૈન સંઘની કાર્યવાહીના એક આગેવાન સભ્ય તરીકે તેઓશ્રીએ સમયે સમયે યોગ્ય સેવા સમર્પી છે.

તેઓશ્રીનું જાહેર જીવન પણ એટલું જ માનનીય અને સેવાભાવી હતું. ઓનરરી મેજીસ્ટ્રેટ, તખ્તસિંહજી ધર્મશાળા, પઢીયાર ક્ષત્રિય પહારોલણ ફંડ, રેડક્રોસ સોસાયટી, શ્રી કૃષ્ણકુમાર અંધ ઉદ્યોગશાળા, ભાવનગર વિધાન સભા વિગેરે ઘણા ક્ષેત્રોમાં તેઓશ્રીએ નોંધપાત્ર સેવા બજાવી ભાવનગરના એક અગ્રગણ્ય પ્રજાજન તરીકે સારી નામના મેળવી હતી.

ગત ચૈત્ર શુ. ૧૩ ના તેઓશ્રી હાદરથી પડી ગયા, અવસ્થાને અંગે આ પછાડની અસર ઘણો લાંબો કાળ ચાલી, અને આખરે આ માંદગી પ્રાણઘાતક નીવડી.

સેવાની જ્યોત ઝળતી રાખીને તેઓશ્રી ગયા હોય તેમ આજે તેઓશ્રીના જ્યેષ્ઠ પુત્ર શ્રી મનુભાઈ જૈન ગુરુકુળ આદિ સંસ્થાઓની સુંદર સેવા બજાવી રહ્યા છે. તેમના લઘુપુત્રો શ્રી શાન્તિભાઈ, શ્રી ધીરુભાઈમાં પણ સેવાના ગુણો અંકિત થયા છે.

તેઓશ્રીના અવસાનથી સદ્ગતના ધર્મપત્ની રંભાબેન, સુપુત્રો અને આપ્તજનો પર આવી પડેલ વિયોગના દુઃખ પરત્વે અમો અમારી સમવેદના વ્યક્ત કરીએ છીએ અને સદ્ગતના આત્માની ચિરશાંતિ પ્રાર્થીએ છીએ.

# અંજલી

આ સભાના માનનીય પ્રમુખ શ્રી ગુલાબચંદભાઈ આણંદજીના અવસાનને અંગે સભાની કાર્યવાહી ત્રણ દિવસ માટે બંધ રાખવામાં આવી હતી.

તા. ૫-૩-૫૮ મંગળવારે તેઓશ્રીને શોકાંજલિ અર્પવા સભાના હોલમાં બપોરના ચાર વાગે સભાની જનરલ મીટીંગ મેળવવામાં આવતા સભાનું પ્રમુખસ્થાન શ્રી ખીમચંદ ચાંપશી શાહને આપવામાં આવ્યું હતું.

પ્રારંભમાં સભાના મંત્રી શ્રી જાદવજીભાઈ ઝવેરભાઈએ આમંત્રણ પત્રિકા વાંચી, ત્યારબાદ સભાના મંત્રી શ્રી ત્રિકુંદાસ મૂળચંદ શાહે સદ્ગતના જીવનનો પરિચય આપતાં સભાના ઉત્થાનમાં તેઓશ્રીએ જે અમૂલ્ય સેવા આપી છે તેના પ્રસંગો રજૂ કર્યા હતા. અંતમાં તેઓશ્રીએ જણાવ્યું કે તેઓશ્રીના અવસાનથી સભાને કદી ન પુરાય તેવી ખોટ પડી છે.

ત્યારબાદ ડૉ. જસવંતરાય મૂ. શાહે જણાવ્યું કે સદ્ગતનો સ્વભાવ સેવાભાવી હતો. સભાના તેઓ પ્રાણ સમાન હતા, સભાના વિકાસને માટે તેઓ સતત કાળજી રાખતા હતા અને અન્ય સભ્યોને પણ તેઓ સભાના કાર્યમાં હંમેશા રસ લેતા રહે તે માટે પ્રેરણા આપતા રહેતા હતા. આ સભાના સ્વ. મંત્રીશ્રી વલ્લભદાસભાઈની હજુ આપણને તાજેતરમાં જ ખોટ પડી છે ત્યાં શ્રીયુત ગુલાબચંદભાઈના અવસાનથી આપણને મોટી ખોટ પડી છે, જે કદી ન પૂરી શકાય તેવી છે. હવે તો આપણે તેઓશ્રીના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવનમાં કર્તવ્યપરાયણતા અને સાદાઈનો જે ગુણ હતો તે આપણામાં કેળવીએ અને સભાને વિકસાવવામાં બનતી સેવા આપતા રહીએ તે બોધપાઠ લેવાનો રહે છે.

છેવટ શ્રીયુત ખીમચંદભાઈએ સદ્‌ગતના જીવનનો પરિચય આપતા તેઓશ્રીની સાદાઈ, સતત કાર્યશીલતા અને સભાના એક આત્મા તરીકે તેઓશ્રી જે પ્રેમપૂર્વક ઝઝૂમી રહ્યા હતા તેનો ખ્યાલ આપ્યો હતો. ત્યારબાદ તેઓશ્રીને અંજલિ અર્પતો નીચેનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

## શોકનો ઠરાવ

આ સભાના માનનીય પ્રમુખશ્રી ગુલાબચંદ આણંદજી કાપડિયાના ફાગણ શુદ ૧૩ સોમવારે થયેલા દુઃખદ અવસાન અંગે આજરોજ ફાગણ શુદી ૧૪ મંગળવારે મળેલી સભાની આ જનરલ સભા શોકની ઊંડી લાગણી વ્યક્ત કરે છે.

સદ્‌ગતે ૫૦ વર્ષથી વધુ સમય સુધી આ સભામાં આગેવાન કાર્યકર તરીકે રહી તન, મન અને ધનનો ભોગ આપી સભાના ઉત્થાનમાં નિઃસ્વાર્થભાવે જે સતત સેવા સમર્પી છે, તથા લગભગ ત્રીશ વર્ષ સુધી પ્રમુખ તરીકે રહી સભાના પ્રતિષ્ઠા અને ગૌરવમાં જે પ્રશંસનીય ઉમેરો કર્યો છે તે સભાના ઇતિહાસમાં સદા ઉજ્જવળ અક્ષરે અંકિત રહે તેવા છે. આ ઉપરાંત શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ–પાલીતાણા, શ્રી ઉજમબાઈ જૈન કન્યાશાળા, શ્રી દાદાસાહેબ જૈન વિદ્યાર્થીગૃહ આદિ શિક્ષણ વિષયક સંસ્થાઓમાં, શ્રી ડોસાભાઈ અભેચંદની કમિટીમા તેમજ ભાવનગર જૈન સંઘના પ્રતિનિધિ તરીકે શ્રી આણંદજી કલ્યાણજીની પ્રતિનિધિ કમિટીમાં પણ તેઓશ્રીએ નોંધપાત્ર સેવા બજાવી છે.

તેઓશ્રી ઓનરરી માજીસ્ટ્રેટ તથા ભાવનગર રાજ્યની ધારાસભાના સભ્ય તરીકે પણ કેટલાક સમય સુધી રહ્યા હતા. આ રીતે તેઓશ્રીએ ભાવનગર શહેરની સુંદર સેવા બજાવેલ છે. તેઓશ્રીના ગુરુભક્તિ, પૂજાપ્રેમ અને તીર્થભક્તિ પણ એટલા જ આદરણીય હતા.

તેઓશ્રીના અવસાનથી આ સભાને એક આત્મીય અને સતત જાગૃત પ્રમુખની કદી ન પુરાય તેવી ખોટ પડી છે તેમજ જૈન સમાજને એક પીઢ અને અનુભવી આગેવાનની તેમજ ભાવનગરની જનતાને એક સેવાભાવી શહેરીજનની મોટી ખોટ પડી છે.

સભા સદ્‌ગતના કુટુંબીજનો ઉપર આવી પડેલ આ દુઃખ માટે પોતાની સમવેદના વ્યક્ત કરે છે અને તેઓશ્રીના આત્માને શાશ્વત શાંતિ મળે તે માટે પ્રાર્થના કરે છે.

ચૈત્ર શુદ ૧ના રોજ આચાર્ય વિજયાનંદસૂરીશ્વરજી મહારાજનો જન્મ–દિન દર વર્ષે સભાના સભ્યો પાલીતાણા જઈને ઉજવે છે અને ત્યાં શ્રી શત્રુંજય ઉપર જઈ પૂજા ભણાવવામાં આવે છે તેમજ સભાના સભ્યો માટે સ્વામિવાત્સલ્ય યોજવામાં આવે છે. આ વર્ષે આ સભાના માનનીય પ્રમુખશ્રી ગુલાબચંદભાઈના દુઃખદ અવસાનને અંગે આ મહોત્સવ સાદાઈથી ઉજવવાનું નક્કી કરવામાં આવતા ચૈત્ર શુદ ૧ના રોજ શત્રુંજય ઉપર પૂજા ભણાવવામાં આવી હતી અને આચાર્ય મહારાજની મૂર્તિને અંગરચના કરવામાં આવી હતી.

ફાગણ વદ ૧ ગુરુવારે રાત્રે શ્રી વિઠ્ઠલદાસ મૂળચંદ શાહના પ્રમુખપણા નીચે શ્રી જૈન ધર્મ પ્રસારક સભાની કાર્યવાહક કમિટિની મીટીંગ શ્રી સભાના હોલમાં મળતાં શેઠશ્રીને અંજલિ અર્પતો ઠરાવ કરવામાં આવ્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફાગણ વદ ૧ શુક્રવારે રાત્રે શ્રી ગુલાબચંદ લલ્લુભાઇના પ્રમુખપણા નીચે શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળાની કાર્યવાહક કમિટિની મીટીંગ શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના હોલમાં રાત્રે આઠ વાગે મળતાં સદ્‌ગતના અવસાન અંગે શોક વ્યક્ત કરતો ઠરાવ કરવામાં આવ્યો હતો.

ભાવનગરની સંસ્થાઓની એક સંયુક્ત જાહેરસભા શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના હોલમાં ફાગણ વદ ૧ શુક્રવારે રાત્રે સાડા આઠ વાગે શ્રી ગુલાબચંદ લલ્લુભાઇના પ્રમુખપણા નીચે યોજવામાં આવી હતી, જ્યારે શ્રી ભાઇચંદ અમરચંદ શાહ, ડૉ. જશવંતરાય શાહ આદિએ સમયોચિત વિવેચનો કર્યા બાદ નીચેનો ઠરાવ કરવામાં આવ્યો હતો.

### સંસ્થાઓનો સંયુક્ત ઠરાવ

શ્રીયુત ગુલાબચંદ આણંદજી કાપડિયા વહીવટી તંત્રના કુશળ નમૂનારવરૂપ હતા એટલું જ નહિ પરંતુ બારીક અવલોકન, કર્તવ્યપરાયણતા અને ધગશ એ તેઓશ્રીના અનુપમ સદ્‌ગુણો હતા.

ભાવનગરના જૈન સમાજની કોઇ સંસ્થા એવી નહીં હોય કે જેની સાથે તેઓશ્રી કોઇ ને કોઇ સ્વરૂપમાં સંલગ્ન ન હોય. તેમની વ્યવહારુ બુદ્ધિ તેમજ દીર્ઘદર્શિતાનો સંસ્થાઓને અવારનવાર લાભ મળ્યા કરતો.

ફાગણ શુદ તેરસ ને સોમવારના રોજ અઠોતેર વર્ષની વયે તેઓશ્રીના થયેલ સ્વર્ગવાસ અંગે, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા, શ્રી જૈન આત્માનંદ સભા, શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા, શ્રી ડાડાસાહેબ જૈન બોર્ડીંગ, ઉજમબાઇ જૈન કન્યાશાળા અને શ્રી જૈન ભોજનશાળાના ઉપક્રમે મળેલ આ સભા ઊંડો શોક વ્યક્ત કરે છે અને સ્વર્ગસ્થના આત્માને પૂર્ણ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છી આપ્તજનો પર આવી પડેલ દુઃખ અંગે દિલસોજી દર્શાવે છે.

## શુભેચ્છકોની સમવેદના

શેઠ ગુલાબચંદ આણંદજી કાપડિયાના દુઃખદ અવસાનના સમાચાર મળતાં, શુભેચ્છકો અને સ્નેહીઓ તરફથી દિલસોજીના સંખ્યાબંધ તારો અને પત્રો તેઓશ્રીના કુટુંબીઓ ઉપર આવ્યા હતા.

જેમાં, શ્રીયુત બળવંતરાય ગોપાળજી મહેતા, શેઠ શ્રી ભોગીલાલ મગનલાલ શાહ, શ્રી મેનાબેન ન. શેઠ, શ્રી મહિપતરાય જાદવજી શેઠ, શ્રી જૈન મહિલા સમાજ મુંબઇ, શ્રી પરમાણંદ કુંવરજી કાપડિયા, શ્રી રતનચંદ ઝવેરભાઇ વગેરેના તારો–પત્રો પણ હતા.

એવી જ રીતે આ સભા ઉપર પણ કેટલાક તારો અને પત્રો આવેલ છે તેમાંના કેટલાકનો સાર–ભાગ અત્રે આપવામાં આવે છે.

### બે પીઢ પુરુષોની ખામી

આત્માનંદ સભાના પ્રમુખ તરીકે વર્ષો સુધી સેવા કરનાર શેઠ ગુલાબચંદભાઇનો સ્વર્ગવાસ જાણી ઘણી દિલગીરી થઇ છે. તમારા સૌ માટે એમનો સહકાર જાય એ અતિ ચિંતા જેવી વસ્તુ બને છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસારમાં સૌ પોતપોતાની ફરજો બજાવી લેણુ-દેણુના સંબંધો પૂર્ણ થાય એટલે રવાના થાય છે. હવે તમો સૌ વિવેકપૂર્વક સભાનું સૂત્ર ચલાવજો અને એકદિલથી કાર્ય કરજો.

સભામાં બે પીઢ પુરુષોની ખામી પડી છે તે તમો સૌ પૂરશો જ એ ખાત્રી છે.

અમદાવાદ — પુણ્યવિજયના ધર્મલાભ

## સેવાનો વારસો સાચવજો

શ્રી ગુલાબચંદભાઇના ખેદજનક સ્વર્ગવાસના સમાચાર જાણી આઘાત થયો.

સમૃદ્ધ ભાવનગરની સમૃદ્ધિસ્વરૂપ, આત્માનંદ સભાના ભૂષણરૂપ, સૌરાષ્ટ્રની સેવામૂર્તિસ્વરૂપ, ગાંભીર્ય–મૌન સેવા, સચોટ ગણત્રી અને સભાના પ્રાણ સમા એ સમૃદ્ધિના અવશેષને સરી જતો જોઇ પારાવાર દુઃખ અનુભવાય છે.

ભાવનગરને, સભાને, સમાજને, તેમના કુટુંબને તથા મિત્રોને તેમની ખોટ ખૂબ સાલશે. એમને ખોતાં આપણે ઘણું ખોયું.

સ્વ. શ્રી વલ્લભદાસભાઇ અને સ્વ. શ્રી ગુલાબચંદભાઇ સભાની બે આંખો–એક પ્રાણ–પરવશ અને આપણને કર્તવ્યપાલનનો પાઠ દેતા ગયા.

તેમણે સોંપેલ અણમૂલો સેવાનો વારસો સાચવજો.

મુંબઈ — મણિલાલ પાદરાકર

## સભાને દીપાવજો

શ્રીયુત ગુલાબચંદભાઇના અવસાનના સમાચાર જાણી અત્યંત દીલગીર.

તમારી સભાને આર્થિક સ્થિતિએ સદ્ધર કરવામાં તેમનો ગથાક–અજોડ–પરિશ્રમ હતો.

જેમ ગુલાબચંદભાઇ તથા વલ્લભદાસભાઇ બંનેએ એકમત થઇને સભાને દીપાવી તેમ તમો બધાય દૂરદર્શી એકમત થઇને સભાને દીપાવજો.

ભુવનવિજય

પડધરી — જંબૂવિજય

## પૂરી ખોટ પડી છે

આત્માનંદ સભાને પ્રગતિને પંથે લઇ જવામાં મર્હુમનો પણ સંપૂર્ણ સહકાર હતો, અને સભાના સંચાલનમાં અને માર્ગદર્શનમાં તેમણે જે કર્તવ્યપરાયણતા, સહૃદયતા અને સેવાભાવ બતાવેલ તે અજોડ અને અનુપમ હતા.

સભાને તેમની પૂરી ખોટ પડી છે.

મોરબી — ડૉ. વલ્લભદાસભાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અજાતશત્રુ

એમના જવાથી ભાવનગર શહેરને અને ખાસ કરીને અત્રેના વિશાળ જૈન સમુદાયને એક આગેવાનની ખોટ પડી છે.

સ્વ. ગુલાબચંદભાઇ અજાતશત્રુ જેવા હતા.

આત્માનંદ સભાના તેઓ આત્મસ્વરૂપ હતા અને આ સભાને આજની સ્થિતિએ મૂકવામાં એમનો ફાળો હતો.

એમનું આખું જીવન એક સમભાવી પુરુષને અનુપ હતું.

ભાવનગર — ભાવનગર સમાચાર

## સિતારા ખરતા જાય છે

સભાના સ્વર્ગસ્થ સેક્રેટરી શ્રીયુત વલ્લભદાસ ગાંધીની ખોટ હજુ સુધી પુરાઇ નથી એટલામાં સભાના આત્મા સમાન પ્રમુખ સાહેબની મહાન ખોટ પડી.

કાળચક્રની એવી વિચિત્ર ગતિ છે કે ભાવનગરના સીતારાઓમાંથી ધીમે ધીમે એક પછી એક ખરતા જાય છે.

ગુલાબચંદભાઇ પોતાની સેવાના શુભ કાર્યોથી પોતાની ગુલાબની સુવાસ ફેલાવી ગયા છે. તેઓ શરીરથી તો ચાલ્યા ગયા પણ આત્માથી તો અમર જ છે. તેમના શુભ કાર્યો ચિરકાળ સુધી સ્મરણીય રહેશે.

વિજયસમુદ્રસૂરિ

ફાલના (મારવાડ) — ગણિ જનકવિજય

તેમના અવસાનથી સભાને તેમજ ભાવનગરના જૈન સમાજને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

વડોદરા — જેચંદ છગનલાલ ધ્રુવ

તેઓશ્રીના અવસાનથી સભાને તેમજ જૈન સમાજને કદી ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

મુંબઈ — ભાસ્કર વિઠ્ઠલદાસ

તેઓએ ગુરુદેવ પ્રત્યેની ભક્તિ માટે જીવન અર્પણ કર્યું. તેમનું સ્થાન સાચવે એવા સજ્જન મળવા દુર્લભ છે.

અત્રે કલ્યાણચંદજી મહારાજને આ સમાચાર મળતાં તેઓશ્રીએ ખૂબ દિલસોજી બતાવેલ છે.

સોનગઢ — અભયચંદ ભગવાનદાસ

શ્રી ગુલાબચંદ શેઠના અવસાનથી આપણી સભાને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

મુંબઇ — કાન્તિલાલ ભગવાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

# મનને સ્થિર કરવાનો ઉપાય

હર્ષશોકમાં ઝૂલતા મનને સ્થિર કરવા નીચે પ્રમાણેની વિધિ અતિ ઉપયોગી થઈ પડશે:

હમેશાં એકલા ફરવા જવું અને તેમાં પણ ચંદ્રના અજવાળામાં કે પરોઢિયે ફરવા જવું એ વિશેષ હિતકર છે. આપણે જ્યારે એકલા ચાલીએ છીએ ત્યારે મન પોતાનું અવિચ્છિન્ન બળ એકત્ર કરી, પરસ્પર વિરોધી તત્ત્વોનો સંહાર કરી, કલ્પનાશક્તિમાં લીન થાય છે. જ્યારે આપણી સાથે બીજું કોઇ હોય છે અને આપણી સાથે વાતો કરીને પોતાના વિચાર આપણાં મગજમાં ઠસાવવા પ્રયત્ન કરતું હોય છે, તે સમયે જે ઉત્તમ વિચારો પ્રાપ્ત કરવાનો શ્રેષ્ઠ પ્રસંગ એકલા ફરવાથી મળવાનો હોય છે તે શુભ તક આપણે ગુમાવીએ છીએ. ચાલતાં ચાલતાં જ્યારે આપણે અત્યુત્તમ વિચારમાળામાં મગ્ન થઇ જઇએ છીએ, ત્યારે તે સમયે ઉત્તમ વિચારો આપણને શોધતા આવે છે, માટે એકલા ફરવા જવું એ અતિ ઉપયોગી છે. ઊગતા કે આથમતા સૂર્યની સામે, નદીના કિનારે કિનારે, શાંત શીતળ, મંદ વાયુલહરીનો આનંદ લેતાં લેતાં ફરવાથી તમે પ્રકૃતિ સાથે, સકળ વિશ્વ સાથે એકતા અનુભવશો. વળી તમે તમારી પાસે એકાદ એવું પુસ્તક રાખો અથવા એવાં કેટલાંક સ્તોત્રોનો સંગ્રહ કરો કે જે તમારા હૃદયમાં અંતઃસ્ફુરણા કરે, જે તમારા હૃદયમાં દિવ્યતા, ઉત્સાહ, આનંદ અને ઉન્નત ભાવ પ્રેરે, તેને નોટબૂકમાં ઉતારી લો. એવી નોટબૂક સદા પાસે ને પાસે રાખો. અને કોઇ મિત્રની સાથે અથવા કોઇ પણ પ્રતિકૂળ સ્વભાવવાળા માણસ સાથે વાતચીત કરવાનો પ્રસંગ આવ્યા પછી મનને તે વાતચીતના વિચારોમાં ન જવા દેતાં તરત જ પેલી નોટબૂક લઇ તેની અંદરના ઉત્તમ ફકરાઓ વાંચવા અને મનને સ્થિર કરવું.

"સ્વામી રામતીર્થના વચનામૃત"માંથી

મુદ્રક અને પ્રકાશક:- હરિલાલ દેવચંદ શેઠ : આનંદ પ્રીં. પ્રેસઃ ભાવનગર.

For Private And Personal Use Only